# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

******************************************************

1. **નવી દિલ્હીમાં પાંચ દિવસના ભારત A.I. ઇમ્પેક્ટ સંમેલન 2026નો આજથી પ્રારંભ.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાંજે નવી દિલ્હીમાં ઇન્ડિયા A.I. ઇમ્પેક્ટ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, કલમ 370 નાબૂદ થયા બાદ કશ્મીર, ઉત્તર-પૂર્વ અને માઓવાદગ્રસ્ત ક્ષેત્રમાંથી હિંસા 80 ટકા ઘટી.**
4. **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન સાથે ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો પ્રારંભ.**
5. **ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં અફઘાનિસ્તાન અને સંયુક્ત આરબ અમિરાત વચ્ચે દિલ્હીમાં મુકાબલો.**

,,.........................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# INDIA AI IMPACT SUMMIT

નવી દિલ્હીમાં પાંચ દિવસના ભારત A.I. ઇમ્પેક્ટ સંમેલન 2026નો આજથી પ્રારંભ થયો. કોઈ વિકાસશીલ દેશમાં યોજાનારું આ પહેલું વૈશ્વિક A.I. શિખર સંમેલન છે. તે વૈશ્વિક A.I. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમત્તાની કાર્યયોજનામાં ભારતની ભૂમિકાને મજબૂત કરવાનું મહત્વનું મંચ છે.

આ સંમેલન ભારતને વૈશ્વિક A.I. સહયોગમાં સંયોજક અને ભાગીદાર તરીકે પણ સ્થાપિત કરશે , જે જાહેર હિતના પરસ્પર માપદંડ , સહયોગી માળખા અને સમાધાનનું સમર્થન કરે છે. સંમેલનમાં 100થી વધુ દેશને નિમંત્રણ અપાયું છે અને બે લાખથી વધુ લોકોએ આ માટે નોંધણી કરાવી છે.

## (VOICECAST : AMAN YADAV)

. . . . . . . . . . . . . . . . . .

# PM INDIA AI EXPO 2026

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા **A.I.** ઇમ્પેક્ટ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરશે. પાંચ દિવસની આ પ્રદર્શનીનું આયોજન **A.I.** શિખર સંમેલન સાથે કરાયું છે. તેમાં ઑસ્ટ્રેલિયા , જાપાન, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની , ઇટલી, નેદરલેન્ડ્સ, સ્વિત્ઝર્લૅન્ડ, સર્બિયા, ઍસ્ટોનિયા, તઝાકિસ્તાન અને આફ્રિકા સહિત 13 દેશના મંડપ હશે.

આ પ્રદર્શનીમાં વિવિધ ક્ષેત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તા – **A.I.**ની પરિવર્તનલક્ષી અસરને ઉજાગર કરવા અને ભવિષ્યની કાર્યવાહીઓ પર ચર્ચા માટે 500થી વધુ સત્ર યોજાશે. ઉપરાંત તેમાં આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ સહિત અઢી લાખથી વધુ મુલાકાતીઓ આવે તેવી સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . .

# PM AI SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , ભારત A.I. ઇમ્પેક્ટ શિખર સંમેલન માટે વિશ્વભરમાંથી લોકો ભારત આવી રહ્યા છે , જે દેશવાસીઓ માટે ગૌરવની વાત છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ શિખર સંમેલન માટે વિશ્વના નેતાઓ , ઉદ્યોગપતિઓ, નવીનતાઓ, નીતિ નિર્માતાઓ , સંશોધનકર્તાઓ અને ટેક્નોલૉજી રસિકોનું હાર્દિક સ્વાગત કર્યું.

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, આ તક એ વાતનો પૂરાવો છે કે , દેશ વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યો છે અને વૈશ્વિક વિકાસમાં મહત્વનું યોગદાન આપી રહ્યો છે. આ તક દેશના યુવાનોની ક્ષમતાને પણ દર્શાવે છે.

શ્રી મોદીએ ઉમેર્યું, શિખર સંમેલનનો વિષય સર્વજન હિતાય, સર્વજન સુખાય એટલે કે , સૌનું કલ્યાણ , સૌના માટે સુખ , માનવ-કેન્દ્રીત વિકાસ માટે કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I.નો ઉપયોગ કરવા વિવિધ દેશની પરસ્પર પ્રતિબદ્ધતા દર્શાવે છે.

. . . . . . . . . . . . . . . .

# SHAH DELHI POLICE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , કલમ 370 નાબૂદ થયા બાદ કશ્મીર , ઉત્તર-પૂર્વ અને માઓવાદથી અસરગ્રસ્ત ક્ષેત્રોમાંથી હિંસા 80 ટકા જેટલી ઓછી થઈ ગઈ છે.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER) ARTICLE 370**

દિલ્હી પોલીસના 79-મા સ્થાપના દિવસ નિમિત્તે શ્રી શાહે કહ્યું , 11 રાજ્યમાં માઓવાદી આતંક હંમેશાથી દેશની આંતરિક સુરક્ષા માટે મોટો પડકાર રહ્યો છે.

**(BYTE: AMIT SHAH, HOME MINISTER) NAXAL**

શ્રી શાહે કહ્યું , રાષ્ટ્રીય રાજધાનીમાં પોલીસ વ્યવસ્થાને વધુ મજબૂત કરવા આજે દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલના સંકલિત મુખ્યમથકનું ખાતમુહૂર્ત કરાયું. અંદાજે 345 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તેનું નિર્માણ કરાશે. આ મુખ્યમથક દેશમાં કેફી પદાર્થની તસ્કરી અને આતંકવાદનો સામનો કરવા માટે સૌથી અદ્યતન કેન્દ્રમાંથી એક હશે.

. . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH COOPRATION MINISTERS

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આવતીકાલે ગુજરાતના ગાંધીનગરમાં તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથે ઉચ્ચસ્તરની મંથન બેઠક યોજાશે.

તેમાં સહકાર ક્ષેત્રમાં મુખ્ય સુધારા અને વિસ્તરણ યોજનાઓની સમીક્ષા કરાશે. આ યોજનાઓમાં દેશભરમાં પ્રસ્તાવિત બે લાખ નવી સહકારી સમિતિઓની સ્થાપના પણ સામેલ છે.

આ બેઠકમાં સહકાર મંત્રીઓની સાથે અધિક મુખ્યસચિવ , મુખ્ય સચિવ અને અન્ય સચિવ જેવા વરિષ્ઠ અધિકારીઓ સામેલ થઈ શકે છે.

. . . . . . . . . . . . . . . . . .

# SITHARAMAN MUNICH

નાણામંત્રી નિર્મળા સીતારમણે જર્મનીના મ્યૂનિકમાં એપીએમ ટર્મિનલ્સના મુખ્ય કાર્યકારી અધિકારી – **C.E.O.** કીથ સ્વેન્ડસેન સાથે મુલાકાત કરી. નાણા મંત્રાલયે જણાવ્યું કે , આ બેઠકમાં બંને મહાનુભાવોએ હાલમાં જ સંપન્ન થયેલા ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરારના લાભ અંગે ચર્ચા કરી.

શ્રી સ્વેન્ડસેને ભારત સાથે પોતાની કંપનીના સકરાત્મક અને લાંબાગાળાના સંબંધ અંગે જણાવ્યું અને ભારતના દરિયાઈ વ્યવસ્થામાં કરાયેલા મુખ્ય રોકાણ તથા ભાગીદારીનો ઉલ્લેખ કર્યો. તેમણે સમગ્ર ભારતમાં આ ભાગીદારીનું વધુ વિસ્તરણ કરવાની ઇચ્છા પણ વ્યક્ત કરી.

શ્રી સ્વેન્ડસેને છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતની સુધારા પહેલ , ખાસ કરીને ઉદારીકરણ અને વેપાર કરવામાં સરળતાની પ્રશંસા કરી. તેમણે આ વર્ષના કેન્દ્રીય અંદાજપત્રમાં કરાયેલી મુખ્ય જાહેરાતનો પણ ઉલ્લેખ કર્યો , જેમાં કન્ટેનર નિર્માણ સંબંધિત જાહેરાત સામેલ છે.

. . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# WB EC DISCIPLINARY ACTION

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં ગેરરીતિઓના આક્ષેપ પર સાત સહાયક ચૂંટણી નોંધણી અધિકારીઓને સસ્પેન્ડ એટલે કે , ફરજમોકૂફ કર્યા છે. કૅનિન્ગ પુરબાથી બે અને સૂતી, મૈનાગુરી, શમશેરગન્જ, દેબરા અને ફરક્કા ચૂંટણી ક્ષેત્રમાંથી એક-એક અધિકારીને ફરજમોકૂફ કરાયા છે.

ચૂંટણી પંચે આ અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી તાત્કાલિક શરૂ કરવા નિર્દેશ આપ્યો હતો અને આ મામલે પંચને જાણ કરવા જણાવ્યું હતું. આ મામલે રાજ્યના મુખ્યસચિવને પત્ર લખવામાં આવ્યો છે. તેમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા – **S.I.R.**માં સામેલ આ અધિકારીઓની ગંભીર ગેરવર્તણૂક , ફરજમાં બેદરકારી અને વૈધાનિક સત્તાના દુરૂપયોગના પૂરાવા મળી આવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

# BANGLADESH TARIQUE RAHMAN

બાંગ્લાદેશમાં આવતીકાલે નવી સરકારના શપથગ્રહણ સમારોહ યોજાશે. તેમાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને દક્ષિણ ઍશિયન પ્રાદેશિક સહકાર સંગઠન દેશના વિદેશ મંત્રીઓ સહિત અનેક વિદેશી પ્રતિષ્ઠિત લોકો સામેલ થવાની સંભાવના છે.

**(VOICECAST: NAVALSANG PARMAR)**

. . . . . . . . . . . . . . . . . .

# GUJARAT ASSAMBLY

ગુજરાતની પંદરમી વિધાનસભાના ૮ માં સત્ર નો પ્રારંભ રાજ્યપાલના સંબોધન સાથે પ્રારંભ થયો હતો. પહેલી બેઠકમાં રાજ્યપાલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ગુજરાત ની જનતા ના વિકાસ માટે વિધાનસભા માં અનેક ઐતિહાસિક નિર્ણયો લેવાયા છે . દેશના કોઈ પણ ખૂણા માં કેમ છો નો ઉચ્ચાર થાય ત્યારે મજામાં એવો પ્રત્યુત્તર મળે છે જે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વનું પ્રતિબિંબ છે.. તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતની વિકાસ યાત્રામાં યુવાઓને નવી ઉડાન અને ખેડૂતો ને સન્માન મળે છે સાથોસાથ ઉદ્યોગોનો વિકાસ થાય છે . સોમનાથ મંદીર પર આક્રમણ ને એક હજાર વર્ષ થયા છે ત્યારે સોમનાથ એક શિવાલય નથી અસ્મિતા ની ગાથા હોવાનો રાજ્યપાલે પોતાના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો.ભગવાન બિરસા મુંડાને સમ્માન અપાયુ હોવાનું પણ રાજ્યપાલે જણાવ્યું હતું. ગૃહમાં આજે રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ રજૂ કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગૃહના સ્વર્ગસ્થ સભ્યોને શ્રદ્ધાંજલિ પાઠવી શોકદર્શક ઉલ્લેખ ગૃહમાં રજૂ કરશે. શાસક અને વિરોધ પક્ષના સિનિયર સભ્યો તેને ટેકો આપશે. સાથે જ ગૃહમાં ગુજરાત દુકાન અને સંસ્થા રોજગાર નિયમન અને સેવાની શરતો સુધારા વટહુકમ સંદર્ભે નિવેદન ગૃહ સમક્ષ અપાશે. નાણાકીય નિગમ , મહિલા આયોગ, ગુજરાત ખનીજ વિકાસ નિગમ સહિત વિવિધ વિભાગનું અહેવાલ ગૃહમાં રજૂ થશે. જ્યારે અનુમતિ મળેલા ખરડા વિધાનસભા મેજ પર મુકાશે.

. . . . . . . . . . . . . . . . .

# CRICKET T20 WORLD CUP

ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ત્રણ મેચ રમાશે. પહેલી મેચ ગ્રૃપ ડીમાં અફઘાનિસ્તાન અને સંયુક્ત આરબ અમિરાત વચ્ચે રમાઈ રહી છે. દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં ચાલી રહેલી મેચમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી હતી.

*સંયુક્ત આરબ અમિરાતે 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવી 160 રન કર્યાં હતા. હાલ મળતાં અહેવાલ મુજબ અફઘાનિસ્તાને ચાર ઓવરમાં એક વિકેટ ગુમાવી 27 રન કર્યાં છે.*

બીજી તરફ, ગ્રૃપ સીમાં આજે ઇંગ્લેન્ડ અને ઇટાલી વચ્ચે કોલકાતાના ઇડન ગાર્ડ્ન્સમાં બપોરે ત્રણ વાગ્યે મેચ રમાશે. જ્યારે શ્રીલંકાના પલ્લેકેલેમાં અન્ય એક મેચ શ્રીલંકા અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાશે.

. . . . . . . . . . . . . . . . .